# દાંતનો
# "સેલ્ફી"

દાંતની સારવારનો આધુનિક એન્સાયક્લોપીડીયા...



ડૉ.પ્રણવ એન. શાહ
ડૉ.સુહાની પી. શાહ

# આશીર્વાદ

**શ્રી બુધ્ધિ કીર્તિ કૈલાશ સુબોધસાગરસૂરી ગુરુભ્યો નમઃ**
**નમામી ગુરુ સુબોધસાગરમ્**

તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ મનોહરકીર્તિસાગરસુરીશ્વરજીમહારાજા
આચાર્ય ઉદયકીર્તિસાગર સુરી મ. સા.



ડૉ. પ્રફુલભાઈ શાહ

ધર્મલાભ! અંતરના આશીર્વાદ,

આપના દ્વારા થઈ રહેલ, સમયોચિત સેવા ભક્તિની અંતરથી અનુમોદના.

સાધુ-સાધ્વીજી ભગવંતોની જે તમો અંતરથી ભક્તિ કરો છો એની ભાવનાની અનુમોદના.

દાંતની સારવારના ક્ષેત્રમાં તમારી સર્વરીતે, ઉન્નતી પ્રગતિ અને અભ્યુદય થાઓ એજ મંગળ આશીર્વાદ

આ પુસ્તક વાંચનમાં લીધેલ છે. જે અનેકવિધ દાંતની તકલીફમાં ઉપયોગી નીવડે એમ છે.

[illegible] મનોહરકીર્તિ સાગરસૂરિ
ગુર્વાજ્ઞાથી
ઉદયકીર્તિસાગર સૂરિ

ગુરુદેવના આશીર્વાદની સાથે સાથે અમારી કારકીર્દીના નિર્માણમાં જેમનો અગ્રીમ ફાળો એવા અમારા માતા - પિતા અને સમસ્ત પરિવારજનોને પ્રણામ.

આ પુસ્તકના નિર્માણમાં જેમનું ખૂબ જ અગત્યનું યોગદાન છે. તેવા અમારા ડૉ.યાત્રી શાહ, ડૉ. ધર ઠાકર તથા ડૉ.ફોરમ શાહ અને પ્રકાશનમાં જેનો સાથ રહ્યો છે

એવા શ્રીમાન મહેન્દ્રભાઈ શાહનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

સાથે જ આશા રાખીએ છીએ કે આ પુસ્તક આપના દાંતના દુઃખાવા અને સારવારને લગતા તમામ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં મદદરુપ થશે.

# અનુક્રમણિકા


1. **દાંત વિશે જાણવા જેવું** ............ 01

2. **દાંતની રચના** ............ 02

3. **દાંતનો સડો** ............ 03
   - Fillng
   - Crown Lengthening
   - RCT ( રુટ કેનાલ સારવાર )
   - Post & Core
   - Crown (કેપ)

4. **પેઢાના રોગો (પાયોરીયા)** ............ 08
   - Scaling (દાંત સફાઈ)
   - Flap Surgery (પેઢાની સર્જરી)
   - Splinting

5. **ડહાપણની દાઢ અને સારવાર** ............ 11

6. **Missing tooth Replacement** ............ 13
   - Bridge ( ફિક્સ દાંત )
   - Denture ( ચોકઠું )
   - Implant
   - Precision Attachment

7. **બાળકોના દાંતની સારવાર** ............ 19
   - દૂધિયા દાંત વિશે જાણકારી
   - Fluoride Application
   - દાંતમાં સડો
   - Pit & Fissure Sealant
   - બાળકોની Cap
   - Space Maintainer
   - Habit Breaking Appliances

8. **વાંકા-ચૂંકા દાંતની સારવાર** ............ 22
   - Orthodontic Treatment વિશે જાણકારી
   - Types of Ortho Treatment
   - Frenectomy

9. **કોસ્મેટિક (Cosmetic Dentistry)** ............ 25
   - Teeth whitening (Bleaching)
   - Veneer
   - Diamond on tooth

10. **લેસર (LASER) દ્વારા દાંતની સારવાર** ............ 26

11. **Oral Cancer (મોઢાં તથા જડબાનું કેન્સર)** ............ 27
    - કારણો
    - લક્ષણો
    - સારવાર
    - વ્યસન છોડવા અંગે ( NRT )

12. **FAQ’s** ............ 29

13. **Photo Gallery** ............ 31

# દાંત વિશે થોડું જાણવા જેવું



- વધુ પડતા કડક દાંતાવાળા બ્રશ વાપરવાથી કે કોઈપણ બ્રશથી દાંતને ૧૦ થી ૧૫ મીનીટ સુધી બ્રશ કરવાથી દાંતની ઉપરનું પડ Enamel લાંબાગાળે ઘસાઈ જાય છે.

- દાંત ઉપર નિયમિત લીંબુ કે મીઠુ ઘસવાથી કે દંતમંજન પાવડર ઘસવાથી દાંતના Enamel ને ઘસારો પહોંચે છે.

- ખૂબ જ ઠંડુ ખાવા-પીવાથી દાંતમાં કોકવાર થતી કળતર ચિંતાજનક નથી પરંતુ માટલાનું પાણી પીવાથી રોજ થતી કળતરનું નિદાન કરાવવું.

- મોં માંથી દૂર્ગંધ તથા પેઢામાંથી લોહી આવવાના ઘણા બધા કારણો હોઈ શકે છે જેથી તેનું સચોટ નિદાન કરાવીને સારવાર કરાવવી.

- ડહાપણની દાઢ વર્ષ ૧૮ થી ૨૫ ની ઉંમરે આવતી હોવાથી આ સમયગાળામાં તેનો દુખાવો ઉપડવો કે પેઢું સૂજવું, ખોરાક ભરાવવો, મોઢું ઓછું ખુલવું જેવા ચિન્હો જોવા મળે છે.

- દાંતનો રંગ કુદરતી રીતે જ પીળાશ પડતો કે સામાન્ય ગ્રે જેવો હોઈ શકે છે જેથી લાંબો સમય બ્રશ ઘસવાથી તેનો કલર બદલી શકાતો નથી.

- મુખવાસ દાંતનો દુશ્મન છે તેનાથી દાંતનો વપરાશ વધુ થાય છે તથા બે દાંતની વચ્ચે ભરાઈ જાય છે જેથી દાંતમાં સડો થવાની શક્યતા વધે છે.

- Cap કરાવેલ દાંતમાં ૩ થી ૫ વર્ષ પછી ફેરફાર થવાની શક્યતા રહેલ છે જેથી ચેક અપ કરાવતું રહેવું.

- મુખ એ શરીરનો પ્રવેશ દ્વાર છે જેથી જો દાંત સારા હશે તો સમગ્ર શરીર નિરોગી રહેશે.

........ તો આવો આપણા દાંતને થોડું સમજીએ.........

# દાંતની રચના



દાંત બે ભાગમાં વહેંચાયેલો છે.
(૧) Crown : મોં મા જડબાની બહાર દેખાતા ભાગને Crown કહે છે.
(૨) Root : જડબામાં રહેલા દાંતના ભાગને મૂળિયું Root કહેવામાં આવે છે.

## દાંતના ચાર Layers હોય છે.

**(૧) Enamel**
- સૌથી પહેલું પડ
- Transparent
- સંવેદનાવિહિન

**(૨) Dentin**
- બીજુ પડ
- રંગ સફેદ/પીળાશ પડતો/ગ્રેઈશ હોય છે.
- દાંતનો રંગ આ પડના રંગ ઉપર આધાર રાખે છે.



Tooth Anatomy

**(૩) Pulp**
- દાંતની વચ્ચેનો ભાગ જેમાં રક્તવાહિની આવેલી છે.
- દાંતનો સૌથી સંવેદનશીલ ભાગ છે.

**(૪) Cementum**
- મૂળની આજુબાજુ આવેલાં પડને સિમેન્ટમ કહે છે.

## દાંતની આજુબાજુનાં ભાગો

- Root (મૂળિયું)
  હાડકાં અને પેઢાથી ઢંકાયેલું હોય છે.
- પેઢાં ગુલાબી રંગના હોય છે,
  જેને Gums પણ કહેવાય છે.

# દાંતનો સડો અને તેની સારવાર





**સડો થવાનાં કારણો :**

ગળ્યા પદાર્થો ખાવાની આદત હોવી
જેમ કે ચોકલેટ, કેક, મીઠાઈ,બિસ્કીટ, આઈસ્ક્રીમ...

↓

આ પદાર્થો લાંબા સમય સુધી દાંત પર ચોંટી રહે છે અને એસિડ પ્રોડક્શન કરે છે.

↓

જેથી બેકટેરિયા આકર્ષિત થાય છે. જે દાંતમાં સડો થવા માટે જવાબદાર છે.



**લક્ષણો :**

- ચાવતી વખતે દુ:ખવું .
- ઠંડા/ગરમ પદાર્થો પર સેન્સેશન આવવા.
- રાતે સુતી વખતે દુ:ખાવો થવો.
- દાંતમાં ખાવાનું ભરાઈ જવું.
- ઘણી વખત સોજો પણ આવી શકે છે.

**સારવાર :**

- દાંતના સડાની સારવાર, સડો કેટલો ઉંડો પ્રસર્યો છે તેના પર આધાર રાખે છે.




- જો સડો ફક્ત દાંતના પહેલાં બે પડ ઈનેમલ અને ડેન્ટિન સુધી પ્રસરેલોહોય, તો તેમાં ચાંદી કે ટૂથ કલર મટિરિયલ કંપોઝીટ (Composite) ભરી શકાય છે.

- જો સડો દાંતની નસ સુધી પ્રસર્યો હોય તો દાંતમાં વારંવાર દુ:ખાવો થાય છે અને સોજો પણ આવી શકે છે. સામાન્ય રીતે દર્દીઓ સડેલા, દુ:ખાતા અને સોજાવાળા દાંત પાડી નાખવાનો આગ્રહ રાખતાં હોય છે. પરંતુ આવા દાંતમાં મૂળિયાની સારવાર કરવાથી, તેને બચાવી શકાય છે. જેને Root Canal Treatment (RCT) કહેવાય છે.

# દાંતનો સડો અને તેની સારવાર



## રૂટકેનાલ સારવારની રીત :

**Step-1 :**
સૌથી પહેલાં સ્પ્રે/જેલથી ઉપરની ચામડી બહેરી કરવામાં આવે છે. ત્યારબાદ દુઃખાવા રહિત ઈંજેક્શન આપવામાં આવે છે.



**Step-2 :**
દાંતનો સડો સાફ કર્યા પછી મૂળિયાની સફાઈ લેટેસ્ટ ડિજીટલ રોટરી સાધનોથી કરવામાં આવે છે.






**Step-3 :**
મૂળિયાની સફાઈ કર્યા પછી તેમાં આર્ટિફિશિયલ મટિરીયલ Gutta Percha ફિલ કરવામાં આવે છે.

સામાન્ય રીતે મૂળિયાની સારવાર (RCT) એક જ sitting માં પૂરી થાય છે. પરંતુ જો મૂળિયાની બહાર infection હોય તો, તેમાં કેટલીક વાર ડ્રેસિંગ આપ્યા પછી permanent ફિલિંગ કરવામાં આવે છે.

## Root Canal Treatment (RCT) ક્યારે કરવી પડે ?

- વધુ પડતો સડેલો દાંત (Tooth with Deep Cavity)
- ક્રેક થયેલો દાંત (Crack Tooth Syndrome)
- વધુ પડતા ઘસારા ને લીધે કળતો કે દુઃખતો દાંત (Sensitivity)

# દાંતનો સડો અને તેની સારવાર



## રૂટ કેનાલ પહેલાં અને પછી દર્દીએ ધ્યાનમાં રાખવા જેવી બાબતો

૧) RCTના એક કલાક પહેલા જમી લેવું અથવા વ્યવસ્થિત નાસ્તો કરીને આવવું.
૨) RCT કરાવ્યા પછી ઈન્જેક્શનની અસર ઉતરે નહીં ત્યાં સુધી માત્ર પ્રવાહી લેવું.
૩) ડૉક્ટરે આપેલી દવા RCT કરાવ્યાના અડધો કલાકમાં લઈ લેવી.
૪) RCT પછી દાંતમાં મૂકેલો કાચા સીમેન્ટનો થોડો ભાગ મોઢામાં આવી શકે છે, જે ખૂબ સામાન્ય બાબત છે તથા ઘણીવાર મોં માં ચાંદા પણ પડી શકે છે.
૫) RCT ની ટ્રીટમેન્ટ પૂરી ન થયા ત્યાં સુધી તે દાંત પર ચાવવું નહીં. દબાણ આવે તો દુ:ખાવો થઈ શકે છે. ઉપરાંત દાંત તૂટવાની પણ શક્યતા રહેલી છે.
૬) RCT પછી દાંત ઉપર ચડાવવામાં આવતી Cap ના મટીરીયલને દાંતના આયુષ્ય સાથે કોઈ સંબંધ નથી.

**નોંધ:** - દાંતમાં RCT કરાવવાથી તે Lifetime બચી જાય છે તે માન્યતા ખોટી છે.

- RCT કરાવ્યા પછી તેના પર Cap કરાવવી હિતાવહ છે. Cap ન કરવામાં આવે તો દાંત તૂટી જવાની શક્યતા રહેલી છે, જેના પરિણામે RCT કરાવ્યા છતાં દાંત કાઢવો પડી શકે છે.
- RCT કરેલા દાંતનું આયુષ્ય Remaining Tooth Structure પર આધારીત છે. એટલે કે દાંતનો સારો ભાગ (સડ્યા વગરનો ભાગ) જેટલો વધુ અને જેટલો મજબૂત એટલું તેનું આયુષ્ય વધુ.
- હલતા દાંતમાં RCT કરવાથી દુ:ખાવો બંધ અથવા ઓછો થાય, પરંતુ હલતો દાંત ઓછો હલતો થાય કે હલતો બંધ થઈ જાય એ માન્યતા ખોટી છે.
- RCT કરેલ દાંત જો કોઈ કારણસર તૂટી જાય કે તેમાં ફરીથી સડો કે પરૂ થાય તો તેને કાઢી નાખવો પડે છે જયાં નવો દાંત બેસાડી શકાય છે.

## Crown Lengthening :

અમુક સંજોગોમાં દાંત કે દાંઢની height ખૂબ જ ઓછી હોવાને લીધે તેના પર બનાવવામાં આવતી કેપ ખૂબ જ ઝીણી બને છે અને તેના લીધે તે વારંવાર નીકળી જતી હોય છે. પહેલાનાં સમયમાં આનો કોઈ ઈલાજ નહોતો, પરંતુ હવે laser થી દાઢની height વધારી શકાય છે. પછી જો તેના પર cap ચઢાવવામાં આવે તો તે લાંબા સમય સુધી ટકે છે.
લોકલ એનેસ્થેસિયા આપ્યા પછી પેઢાને દાઢની સામાન્ય નીચે લઈ જઈ તે લેવલે suture કરવામાં આવે છે. આ suture એક અઠવાડિયા પછી ખોલી, તેના ૪ - ૫ દિવસ પછી cap નું માપ લઈ શકાય.

# દાંતનો સડો અને તેની સારવાર



## POST & CORE :




જ્યારે દાંત વધુ પડતો ખવાઈ ગયો હોય તથા દાંતની દિવાલ ખૂબ જ પાતળી થઈ ગઈ હોય તેવા દાંતને લાંબા સમય સુધી બચાવવા માટે Post & Core કરવું જોઈએ.

તેના બે પ્રકાર છે.

૧ ) ફાઈબર પોસ્ટ - આગળના દાંતમાં કરવામાં આવે છે.
૨ ) મેટલ પેસ્ટ - જે દાઢમાં કરવામાં આવે છે.

**ફાયદા :** આ સારવાર કરવાથી કુદરતી દાઢનાં મૂળિયા ઉપર ચાવતી વખતે આવતું દબાણ ઘણું ઓછું થઈ જાય છે અને દાંતનું આયુષ્ય વધી શકે છે. વળી આ સારવાર એટલી ખર્ચાળ પણ નથી.

## Cap ક્યારે કરવી પડે ?.....

### આગળનાં દાંતમાં Cap

**I) જ્યારે દાંતમાં સડો થયો હોય કે દાંત તૂટી ગયો હોય :**

જ્યારે આગળના કોઈ દાંતમાં સડો થયો હોય અને તે સડો સાફ કર્યા પછી તે જગ્યાએ filling મટીરીયલ લાંબો સમય ટકવાની શક્યતા ઓછી લાગતી હોય તથા દાંત કોઈ કારણસર તૂટી ગયો હોય અને તેને cosmetically અન્ય કોઈ રીતે restore ન કરી શકાતો હોય ત્યારે આગળના દાંતમાં cap/veneer કરવાની સલાહ અપાય છે.



**ii) જો દાંત કાળો પડી ગયો હોય :**

ક્યારેક વર્ષો પહેલા આગળના દાંત પર જોરદાર વાગી ગયું હોય તો લાંબાગાળે આ દાંત કાળો પડવા માંડે છે. જે દેખાવમાં બીજા દાંતથી અલગ ખરાબ લાગે છે. આ સંજોગોમાં દાંતમાં, RCT કરી, CAP કરવામાં આવે છે.



કેટલીક વખત આગળનાં દેખાવનાં દાંત ઉપર કંઈક વાગવાથી કે ઈજા થવાથી દાંતની નસ ઉપર અસર થાય છે. ક્યારેક તેમાં દુ:ખાવો થાય છે. મૂળિયાનાં છેડે પસ / ગાંઠ થાય છે અને સોજો આવે છે. લાંબા સમય પછી તે દાંત કાળો પડી જાય છે. આવા દાંતને પણ **Apicectomy** થી બચાવી શકાય છે.



# દાંતનો સડો અને તેની સારવાર



## પાછળના દાતમાં Cap




**i)જ્યારે બે દાંતની વચ્ચેથી ખોરાક ભરાઇને સડો થયો હોય ત્યારે :** આવા case માં સડો સાફ કર્યા પછી તેમાં filling મટીરીયલ પૂરવા છતાં તે લાંબો સમય ટકી રહેતું નથી. તેથી જે તે દાંત પર Cap ચડાવવાની જરૂર પડતી હોય છે.

**ii) RCT કરેલા દાંત પર cap :** RCT કરેલ દાંત અંદરથી brittle થઈ જતો હોવાથી તેના પર ચાવવાનો વધુ પડતો force આવે તો તે તૂટી જવાની શક્યતા હોય છે. આમ ન થાય અને દાંતના structure ને મજબૂતાઈ મળે તે માટે RCT કર્યા પછી દાંત પર cap ચડાવવાની સલાહ આપવામાં આવે છે.

**iii) ફ્રેક્ચર કે ક્રેક પડે ત્યારે :** આવા સમયે દાંતમાં થતો દુ:ખાવો બંધ થાય તે માટે અને દાંતને બચાવી લેવાના પ્રયત્નરૂપે તેમાં RCT કરી, તેના પર cap ચડાવવામાં આવે છે.

**iv) દાંતમાં વધુ પડતો ઘસારો હોય / દાંત વધુ પડતા ઝીણા થઇ ગયા હોય ત્યારે :** વધુ પડતા ઘસારાના લીધે દાંતમાં ખૂબ જ કળતર થવા માંડે છે. આ સંજોગોમાં રાહત મેળવવા દાંત પર cap ચડાવી દેવામાં આવે છે અને કળતર અસહ્ય હોય તો તેમાં RCT પણ કરવી પડતી હોય છે.

## ૨) Cap/Crown ના વિવિધ મટીરીયલ્સ :

એ ) Metal Crown
(White Metal, Cera Metal etc.)

બી ) Porcelain Fused Metal
(Ceramic, Tilite, DMLS etc.)

સી ) Metal Free
(Zirconia, Bruxzir, 3M Lava etc.)




## ૩) Cap ની procedure

Cap ચડાવવા માટે કુદરતી દાંતની size અને shape માં કેટલાક જરૂરી ફેરફાર કરવા પડે છે, જેને tooth preparation કહે છે.

ત્યારબાદ આ Cap માટે તૈયાર કરેલ આ દાંતની impression (છાપ) એટલે કે માપ લઈને તેને લેબોરેટરીમાં બનવા માટે મોકલવામાં આવે છે.

લેબોરેટરીમાંથી Cap તૈયાર થઈને આવે તેને દર્દીના મોઢામાં યોગ્ય રીતે ચેક કરીને સ્પેશિયલ સોલ્યુશન (ડેન્ટલ સિમેન્ટ) થી fix એટલે કે ફીટ કરી દેવામાં આવે છે.

# પેઢાના રોગો તથા તેની સારવાર



- પેઢાનાં રોગોને સમજવા માટે સૌ પ્રથમ પેઢાને સમજવું એ આવશ્યક છે.
- પેઢું એ દાંતના મૂળને એક આવરણ પૂરું પાડે છે. જેના થકી દાંત તેમની મૂળ જગ્યાએ મજબૂતાઈથી રહી શકે છે.

## પેઢાનાં રોગો થવાનું મુખ્ય કારણ :

- દાંત સાફ કરવાની અયોગ્ય પદ્ધતી અને ખોટા બ્રશીંગનાં લીધે થાય છે.

↓

- જેનાં પરિણામે દાંત અને પેઢાની આજુબાજુમાં ભરાયેલો ખોરાક એ ત્યાં રહેલાં બેક્ટેરિયા જોડે રાસાયણિક પ્રક્રિયા થકી છારીનું નિર્માણ કરે છે, જેને પ્લાક કહેવાય છે.

↓

આ પ્લાક એ પેઢાંની મજબૂતાઈ ઓછી કરે છે, તેનાં લીધે દાંત પરની પકડ પેઢાથી નરમ પડે છે જેનાં પરિણામે દાંત અને પેઢાંના વિવિધ રોગો પરિણમે છે.

## પેઢાંનાં રોગોના ચિહ્નો :



- પેઢાં ફુલી જવા તથા લાલ રંગનાં થવા.
- બ્રશ કરતાં લોહી નીકળવું.
- મોંઢામાંથી વાસ આવવી.
- ચીકાશ રહેવી.
- તીવ્ર કિસ્સાઓમાં પરૂ નીકળવું એ પેઢાંનાં રોગોનાં ચિહ્નો છે. જેને આપણે **પાયોરિયા (Periodontitis)** કહે છે.
- પાયોરિયાની આ બિમારી પેઢાંની સાથે સાથે દાંતને સપોર્ટ કરતાં હાડકાંને પણ નબળા પાડે છે. જેનાં પરિણામે દાંત હલવાનું (Tooth Mobility) શરૂ કરી લે છે.

## પેઢાંનાં રોગની સારવાર




**In Minor Case → દાંતની સફાઇ (Scaling)**

### ☆ FAQ's ☆

**A) દાંત સાફ કરાવવા (Scaling) એટલે શું ?**

- દાંત સાફ કરાવવા એટલે દાંત પર જામેલી છારી (plaque) ને સાફ કરવી.
બીડી/સીગારેટ, પાન-મસાલા/તમાકુના ડાઘા (stains) Scaling થી થોડા ઘણાં અંશે સાફ કરી શકાય છે.

# પેઢાના રોગો તથા તેની સારવાર



Scaling કરાવવાથી દાંત સફેદ થઈ જતા નથી એટલે કે દાંતનો જે કુદરતી કલર હોય એ જ પાછો દેખાવા લાગે છે.

## B) Scaling કરાવવાથી દાંત ઢીલા કે પાતળા થઇ જાય ?

- ના ક્યારેય નહિં, આ વર્ષોથી ચાલી આવતી એક ખોટી માન્યતા છે.
  Scaling ની મદદથી દાંતના જે ભાગ પર છારી ચોંટી હોય માત્ર તે ભાગ પર જ કામ કરીને તેને સાફ કરે છે. જેમાં દાંતના Enamel ને કોઈ જ અસર થતી નથી.
  **ફાયદો :** પેઢા અને દાંત વચ્ચે irritating factor તરીકે કામ કરતી છારી, Scaling દ્વારા નીકળી જવાથી સુજી ગયેલા પેઢા ફરીથી મજબૂત બનવા લાગે છે જેથી દાંતની આસપાસ પેઢા અને હાડકાનો support વધુ મજબૂત બને છે અને લાંબે ગાળે દાંતનું આયુષ્ય વધે છે. આ રીતે પાયોરિયા થતો અટકાવી શકાય છે અને જો થઈ ગયો હોય તો તેને આગળ વધતો અટકાવી શકાય છે.

## C) શું Scaling કરાવવાથી દાંતની વચ્ચે જગ્યાઓ થઇ જાય ?

- જગ્યાઓ થઈ ના જાય પણ જગ્યાઓ feel ચોક્કસ થાય છે, કારણ કે જેમ જેમ દાંત પર જામી રહેતો ખોરાક સમયાંતરે છારીમાં ફેરવાય તેમ તેમ દાંતની આસપાસનું પેઢું સૂજે અને હાડકું ખવાતું જાય. આ રીતે છારી પોતાની જગ્યા કરે, જેથી અંદર space વધતી જાય.
  આમ જો Scaling થી આ છારી દૂર ન કરવામાં આવે તો પેઢું અને હાડકું ખવાઈ જવાના લીધે દાંતની વચ્ચે જગ્યાઓ પડતી જાય જેમાં છારી વધુને વધુ બનતી જાય. Scaling કરવાથી આ છારી દૂર થઈ જાય, જેથી પડેલી જગ્યાઓ હવે દેખાય કે feel થાય.

## D) આ જગ્યાઓમાં કોઇ filling ના થાય ?

- દાંતમાં સડો કે ખાડો હોય તો તેને સાફ કરીને તેમાં filling થાય.
  પરંતુ આ જગ્યાઓ દાંતની વચ્ચે - વચ્ચે આરપાર થતી હોવાથી આ ભાગમાં કોઈ filling લાંબુ ટકે નહિ, ઉપરથી irritating factor તરીકે કામ કરે, જે પેઢાને વધુ નુકશાન કરે.

## E) Scaling થી દાંતમાં કળતર થાય ?

- હા, શરૂઆતના ૮ થી ૧૦ દિવસ ઠંડુ-ગરમ-ખાટું ખાવાથી કે ઠંડી હવા પણ અડવાથી સામાન્ય કળતર થાય જેમાં રાહત આપે તેવી De-Sensitising Toothpaste વાપરવાથી ફાયદો થાય છે અને સમય સાથે ઓછી થઈ જાય છે.

# પેઢાના રોગો તથા તેની સારવાર



## ૨) In Severe Case → પેઢાંની શસ્ત્રક્રિયા (Flap Surgery)



- સામાન્ય રીતે પાયોરિયા એ મોટા પાયે વકરી ગયો હોય ત્યારે ફ્લેપ સર્જરીની સલાહ આપવામાં આવે છે.
- આ પ્રક્રિયામાં પેઢાંની અંદરથી સફાઈ કરી પેઢાંને ટાંકા વડે તેની જગ્યાએ પાછા ગોઠવવામાં આવે છે.
- ક્યારેક જો તે જગ્યાએ હાડકું વધારે માત્રામાં ઓછું હોય તો હાડકું એ તેમાં હાડકાંનાં પાઉડર એટલે કે બોન ગ્રાફ્ટ ભરીને હાડકાંની માત્રા વધારવામાં આવે છે. (થોડાક અંશે)



- નવી પદ્ધતિ પ્રમાણે હવે આ જ પ્રક્રિયા એ laser થી ઉત્કૃષ્ટ રીતે તેમજ કોઈ પણ પ્રકારની સમસ્યા વગર પાર પાડી શકાય છે.

## Splinting

- જ્યારે આગળનાં દાંત પાયોરીયાના કારણે તથા ઉપર અને નીચેનાં દાંત એક બીજા સાથે અથડાતાં હોય કે અન્ય કોઈપણ કારણસર હલતાં હોય તો આ હલતાં દાંતને ચોક્કસ પોઝીશનમાં સ્પ્લીન્ટ કરી દેવાથી હલતાં બંધ કરી શકાય છે.




- આ સારવાર પેઈનલેસ છે, જેમાં હલતાં બધાં આગળનાં દાંતની અંદરનાં ભાગમાં Fibre Splint નામનું મટીરીયલ મુકી તેને Flowable Composite Resin થી Stabilize કરવામાં આવે છે અને ત્યારબાદ Finishing & Polishing કરી દેવામાં આવે છે.

**નોંધ :** આ કર્યા પછી દર્દીએ પોતે દાંતની યોગ્ય સાર-સંભાળ રાખવી જરૂરી છે. જો આ જગ્યાએ છારી જમા થાય તો પરિસ્થિતી પહેલાં કરતાં પણ વધુ બગડે છે.

# ડહાપણની દાઢ અને તેની સારવાર



આપણા જડબામાં છેલ્લી ત્રીજી દાઢ એટલે કે થર્ડ મોલર આવવાનો સમય ૧૮ વર્ષની ઉપરનો હોય છે, ત્યારે જે તે વ્યક્તિમાં સારાખોટાનું ડહાપણ આવી ગયું હોય છે. માટે લોકો તેને ડહાપણની દાઢ કે વિઝડમ મોલર કહે છે. ઘણી વાર બહાર આવવા માટે જગ્યા ઓછી હોવાથી તે વાંકીચૂકી કે ત્રાંસી આવે છે અથવા જડબાના હાડકામાં છુપાયેલી પડી રહે છે. જો જડબામાં યોગ્ય જગ્યા હોય તો તે બહાર આવી પણ શકે છે.




**દાઢ આવવાના લક્ષણો/ચિન્હો :**

- ડહાપણની દાઢની ઉપરની ચામડી વધેલી હોવાથી તેમા ખોરાક વારંવાર ભરાવો/દુ:ખાવો થવો તથા દબાણ આવવાથી ચાવવામાં તકલીફ પડે છે.
- મોં ખોલવા/બંધ કરવા પર દુ:ખાવો થવો તથા મોં ઓછું ખુલવુ.
- મોં ની બહારની બાજુએ સોજો આવવો.
- ઉપરની ડહાપણની દાઢની ધાર ગાલ સાથે ઘસાય તેનાથી ચાંદુ પડવું.



**ડહાપણની દાઢની સારવાર :**

**Temporary સારવાર :**

- ઘણીવાર દવા લેવાથી અને પેઢાં ઉપર દવાનો મસાજ કરવાથી સારું થઈ જાય છે.
- જો ઉપરની દાંઢ થોડી બહારની બાજુએ આવેલી હોય તો તેની ધાર ઘસી શકાય છે.

**Permanent સારવાર :**

અમુક કેસમાં આર.સી.ટી. કરવાથી દાઢ બચાવી પણ શકાય છે, પરંતુ જો દુ:ખાવો વારંવાર થાય કે સોજો આવે, તો દાઢ કઢાવી પણ પડે છે. (Non Surgical/Surgical)



# ડહાપણની દાઢ અને તેની સારવાર



**Note :** જો ડહાપણની દાઢ મોં માં ત્રાસી અને અધૂરી આવેલી હોય તો આ ડહાપણની દાઢ અને તેની આગળની દાઢની વચ્ચેની જગ્યામાં વારંવાર ખોરાક ભરાય છે, જે પૂરેપૂરો સાફ થઈ શકતો નથી. પરિણામે આગળની દાઢમાં સડો થવા લાગે છે અને ધીમે ધીમે ઊંડો પ્રસરવા લાગે છે અને RCT સુધી પહોંચી જાય છે. આમ, ડહાપણની દાઢની ત્રાંસી position ના લીધે તેની આગળની, સારી દાઢને નુકશાન થાય છે. જે હિતાવહ નથી.

### દાંત કઢાવ્યા પછીની સૂચનાઓ :

- દાંત કાઢ્યા પછી દબાવેલું પૂમડું ૩૦ થી ૪૫ મિનિટ સુધી દબાવી રાખ્યા પછી કાઢવું ત્યારે જે લાળ મોઢામાં હોય તે ગળી જવું પછી તરત વેનિલા આઈસ્ક્રીમ ખાવો અને તેની સાથે દવાઓ લેવી. જો તે પછી પણ જો મોં માંથી લોહી આવતું હોય તો બરફનો એક ટુકડો મોઢામાં ચુસવો.
- દાંત કે દાઢની સર્જરી પછી લીધેલાં ટાંકા ૭ થી ૮ દિવસમાં ખોલાવી લેવા.
- દાંત કાઢ્યો હોય ત્યાં બહારના ગાલના ભાગમાં રૂમાલમાં બરફ લઈ લગાવવો (લગભગ ૪ થી ૫ કલાક સુધી) જેથી સોજો ઓછામાં ઓછો આવે.
- દાંત કઢાયાના ૨૪ કલાક સુધી બિલકુલ થુકવું નહીં તથા કોગળા ન કરવા, આમ કરવાથી લોહીનો ગઠ્ઠો નીકળી જવાથી લોહી ફરીથી નીકળવાનું શરૂ થાય છે.
- દાંત કઢાયાના ૨૪ કલાક સુધી ઢીલો પોચો તથા ઠંડો ખોરાક લેવો (દાળ-ભાત, ખીચડી, આઈસ્ક્રીમ, મિલ્કશેક, જયુસ, બ્રેડ-બટર વગેરે).
- ૨૪ કલાક પછી બ્રશ તથા કોગળા કરવા જેથી જયાં દાંત કાઢ્યો હોય ત્યાં ખોરાક ભરાઈ ન રહે અને પાક ન થાય.
- બીડી, સીગારેટ, તમાકુ, પાન મસાલા અને દારૂ વગેરેનું વ્યસન દાંત કઢાયાના ૭ દિવસ સુધી તો ન જ કરવુ.

### શું ના કરવું :

- મીઠાના પાણીના કોગળા, ગરમ કે ઠંડા પાણીનો શેક ડૉ.ને પૂછ્યા વગર કરવો નહીં.
- વાગી જાય તેવી વસ્તુ જેમ કે ખાખરો, કોબીજ વગેરે લેવું નહીં.
- દુ:ખાવો ન હોય તો પણ પોતાની જાતે દવા બંધ કરવી નહીં.
- ૫ દિવસ સુધી ખટાશ (ખાટુ દહીં, અથાણું, આથેલો ખોરાક) લેવો નહીં.

### ખાસ નોંધ :

- દાંત કઢાવ્યાના ૩ દિવસ પછી બધો જ નોર્મલ ખોરાક ખઈ શકાય છે.
- દાંત કઢાયા પછી ૫ થી ૧૫ દિવસમાં સંપૂર્ણ રૂઝ આવતી હોય છે, તે દરમ્યાન દુ:ખાવો થવો, સોજો આવવો, મોઢું ઓછું ખુલવું જેવા ચિન્હો ખુબ જ સામાન્ય છે, જેનાથી ગભરાવું નહીં.

# Missing Tooth Replacement - Bridge



જ્યારે મોઢામાં એક અથવા વધારે અથવા બધા દાંત તથા દાઢ પડાવી નાખ્યાં હોય ત્યારે તેને બદલવાની એટલે કે નવા નાંખવા માટેની ચાર રીતો છે.

(૧) બ્રિજ-ફિક્સ દાંત (૨) ઈમ્પ્લાન્ટ

(૩) ચોકઠું (૪) પ્રીસીશન એટેચમેન્ટ

## (૧) બ્રિજ - ફિક્સ દાંત



જ્યારે એક કે વધુ દાંત ન હોય કે પડી ગયા હોય અને તેની આજુ - બાજુ આવેલ દાંત કે દાઢ સારી અને મજબૂત હોય, તો તેનો આધાર લઈને જ્યાં દાંત ન હતી તે જગ્યાએ નવા દાંત ફિક્સ કરી શકાય છે.

- નવા દાંતને આજુ-બાજુના સારા, અસલી દાંત સાથે ફિક્સ કરવામાં આવતા હોવાથી આને બ્રિજ કહે છે.

### બ્રિજના ફાયદા :

- ઘણાને છૂટા દાંતનું ચોકઠું ફાવતું નથી. વળી તેને જમ્યા પછી અવશ્ય સાફ કરવું પડે છે. જ્યારે બ્રિજમાં આવી કોઈ કડાકૂટ નથી.
- ક્યારેક છૂટા દાંતના ચોકઠાં બોલતાં બોલતાં કે ચાવતાં ચાવતાં નીકળી જાય છે.
- ક્યારેક ચોકઠાથી અસ્પષ્ટ ઉચ્ચારો થાય છે.
- દાંતનાં ચોકઠાં એક્રેલીક (પ્લાસ્ટિક)નાં હોવાથી ક્યારેક તૂટી જાય છે. આવી ઘણીબધી ફરિયાદોનો બ્રિજમાં અવકાશ રહેતો નથી.
- બ્રિજ ફિક્સ થયા પછી તેમાં કુદરતી દાંત જેવી જ **Feel** આવે છે. તથા ખોરાક પણ સારી રીતે ચાવી શકાય છે અને ઉચ્ચારણ પણ સ્પષ્ટ આવે છે.
- બ્રિજવાળાં દર્દીઓ કુદરતી દાંતની જેમ તેના ઉપર ટૂથ બ્રશનો ઉપયોગ કરી શકે છે.

### બ્રિજ બનાવવાની રીત :

બ્રિજ બનાવવામાં જે દાંતનો ટેકા તરીકે ઉપયોગ કરવાનો હોય, તે દાંત મજબૂત અને તંદુરસ્ત હોવો જરૂરી છે. ટેકાવાળા દાંતને બધી બાજુએથી ઘસીને નાનો કરવામાં આવે છે. નાના કરવામાં આવેલ દાંત ઉપર ક્રાઉન બનાવવામાં આવે છે. વચ્ચેના ભાગમાં ખૂટતો દાંત નાંખવામાં આવે છે. દર્દીની પસંદગી મુજબ મેટલ, સિરામિક કે ઝિરકોનિયામાં તૈયાર કરેલ બ્રિજને સિમેન્ટથી ફિક્સ કરવામાં આવે છે. કાયમી બ્રિજ બનાવતાં ૩ થી ૭ દિવસ લાગતા હોય છે. આ સમયગાળા માટે દર્દીને કામચલાઉ (ટેમ્પરરી) બ્રિજ બનાવી આપવામાં આવે છે.

# Missing Tooth Replacement - Implant

## (૨) ડેન્ટલ ઇમ્પ્લાન્ટ :



ડેન્ટલ ઈમ્પ્લાન્ટ કરવાની બે રીતો છે.

(૧) Conventional ઈમ્પ્લાન્ટ (૨) Basal ઈમ્પ્લાન્ટ

### 1. Conventional ઇમ્પ્લાન્ટ :

શરીરના અન્ય હાડકાંની સારવારમાં સ્ક્રુ કે સળિયો નાંખવામાં આવે છે. એવી જ રીતે જડબાના હાડકામાં ડેન્ટલ ઈમ્પ્લાન્ટ ફિટ કરવામાં આવે છે. ટાઈટેનિયમ મેટલમાંથી બનેલા હોય છે. જે જગ્યાએથી દાંત પડી ગયો હોય ત્યાં ડેન્ટલ ઈમ્પ્લાન્ટ જડબામાં બેસાડવામાં આવે છે. આશરે બે-ત્રણ મહિનામાં તે જડબાના હાડકા સાથે જોડાઈ સખત પકડ જમાવે છે અને તે કુદરતે સર્જેલ મૂળિયાની જેમ કામ આપે છે. આ ઈમ્પ્લાન્ટ ઉપર ફુલ ક્રાઉન બનાવવામાં આવે છે.

### ડેન્ટલ ઇમ્પ્લાન્ટની બ્રિજ સાથે સરખામણી :

- બ્રિજમાં આધાર લીધેલા આજુબાજુના બે દાંતને ઘસવામાં આવે છે. જ્યારે ઈમ્પ્લાન્ટમાં આજુબાજુના દાંતમાં કંઈ કરવાનું હોતું નથી. ફક્ત ખાલી જગ્યામાં ઈમ્પ્લાન્ટ નાંખવામાં આવે છે. આ પ્રમાણે એક કે વધારે (મલ્ટિપલ) ઈમ્પ્લાન્ટ નાંખીને બ્રિજ પણ બનાવી શકાય છે.
- બ્રિજ માત્ર ૫ થી ૭ દિવસમાં પતી જતી સારવાર છે. જ્યારે Conventional ઈમ્પ્લાન્ટમાં ઘણીવાર ૧ મહિનાથી લઈ ૬ મહિનાનો સમય લાગે છે.
- ઈમ્પ્લાન્ટ એ સામાન્ય ખર્ચાળ સારવાર છે પરંતુ સારી કક્ષાનો બ્રિજ બનાવવામાં આવે તો બ્રિજ અને ઈમ્પ્લાન્ટનો ખર્ચ લગભગ સરખા જેવો થતો હોય છે.



Before After

### ડેન્ટલ ઇમ્પ્લાન્ટનો મુખ્ય ફાયદો :

- ઈમ્પ્લાન્ટ કોઈપણ ઉંમરે થઈ શકે છે. જેથી અમુક દર્દી કે જેઓએ વહેલી ઉંમરમાં દાંત પડાવી નાંખ્યા હોય અને જેથી ફીક્સ દાંત ના થઈ શકતા હોય તથા ચોકઠું પહેરતા ના ફાવતું હોય અથવા ના પહેરવું હોઈ તેવા લોકો માટે આ ખૂબ આશીર્વાદરૂપ છે.

# Missing Tooth Replacement - Implant



**Basal ઇમ્પલાન્ટ :**

- આ એક લેટેસ્ટ જર્મન ટેકનોલોજી છે, જેમાં માત્ર ૭૨ કલાકમાં પ્રક્રિયા પૂરી કરી, વ્યક્તિ સંપૂર્ણ પણે ચાવતું / ખાતું થઈ શકે છે.
- આ પ્રક્રિયા ખાસ કરીને ત્યારે ઉપયોગી બને છે જ્યારે મોઢામાં હાડકું સારી એવી માત્રામાં ગળી ગયેલું હોય / ઓછું થયું હોય. તેવા સંજોગોમાં Conventional ઈમ્પલાન્ટ શક્ય ન બનતાં Basal ઈમ્પલાન્ટ થકી દાંત બેસાડવાની પ્રક્રિયા હાથ ધરી શકાય છે.




**પદ્ધતિ :**

- પ્રથમ દિવસે, મોઢામાં implant બેસાડી દેવામાં આવે છે.
- બીજા દિવસે તેમની છાપ પાડીને દાંત બનાવવાની પ્રક્રિયા હાથ ધરાય છે.
- ત્રીજા અને અંતિમ દિવસે મોઢામાં દાંત બેસાડી દેવાય છે.
- આ પદ્ધતિ બાદ, વ્યક્તિ તુરંત ખાવાનું રાબેતા મુજબ ચાલુ કરી શકે છે.

**Basal ઇમ્પ્લાન્ટના ફાયદા :**

- જ્યાં Conventional ઈમ્પ્લાન્ટ શક્ય નથી હોતા ( હાડકું ગળાઈ ગયા હોવાને લીધે ) તેવા કેસમાં Basal ઈમ્પ્લાન્ટ સરળતાથી કરી શકાય છે. જેથી દર્દી ફીક્સ દાંતથી વંચિત રહેતું નથી.
- આ પદ્ધતિ Flapless, Bloodless, Sutureless છે. જેથીદર્દીને સર્જરી પછી કોઈપણ જાતની તકલીફ થતી નથી અને રૂઝ પણ ખૂબ જ ઝડપી આવી જાય.

**નોંધ :** આ પદ્ધતિ અને Conventional ઈમ્પ્લાન્ટનો ખર્ચ લગભગ સરખો જ હોય છે. આપના કેસ પ્રમાણે ડૉક્ટર કઈ પદ્ધતિ લેવી તેનક્કી કરતાં હોય છે.

## ( ૩ ) ચોકઠુ (Denture)

ચોકઠાંનાં બે પ્રકાર છે.

### (1) Complete Denture (આખું ચોકઠુ) :



જયારે દર્દીના મોં માં એક પણ દાંત ન હોય અથવા મોં માં હાજર રહેલા દાંત ખૂબ જ હલતા હોય, તયારે તેને કાઢી નાંખીને, ખોરાક ચાવવા માટે ઉપયોગી એવું આખું ચોકઠું બનાવવાની સલાહ ડેન્ટીસ્ટ આપે છે.

દાંત કાઢી નાખ્યા પછી પેઢા પૂરેપૂરા રૂઝાઈ જાય એ પછી (લગભગ ઓછામાં ઓછા ૨ મહિના) ચોકઠાના માપ લેવામાં આવે છે અને તે અનુસાર ચોકઠું બને છે.

ચોકઠાનું બેઝિક મટિરિયલ એક્રેલિક/એક્રેલિક વીથ મેટલ બેઝ હોઈ શકે છે, જેમાં દર્દીના face ને અનુરૂપ સાઈઝ, શેપ, રંગ અને કવોલિટીના દાંત મૂકી શકાય છે.

**નવું ચોકઠું શી રીતે વાપરવું ? સૂચનાઓ :**

૧) ચોકઠું નવું હોય ત્યારે અવાર-નવાર પેઢામાં વાગતું કે ખૂંચતું હોય તેવું બનવું એ ખૂબ જ સામાન્ય રીતે જોવા મળતી બાબત છે. તથા મોં માં કયારેક ચાંદા પણ પડી શકે છે. જો આવું થાય તો ડેન્ટીસ્ટને બતાવવું અને તેનાથી મુંઝાવું નહીં.

૨) જો પહેર્યા પછી તરત ચોકઠું નીકળી જાય તો તેનો અર્થ સામાન્ય રીતે એમ સમજવો કે ચોકઠું બરાબર પહેરાયું નથી.

૩) ચોકઠું પહેરવાથી મોં માં ઉબકા આવવા, પુષ્કળ લાળ આવવી વગેરે તકલીફો સામાન્ય રીતે જોવા મળતી બાબત છે. તે ઓછું કરવા મોં માં પીપરમેન્ટ ચગળવી અને થૂંક ગળતા રહેવું.

૪) શરૂઆતમાં ચોકઠું પહેરીને ખાવાની ઉતાવળ ન કરવી પણ મોટેથી વાતો કરવી, વાંચન કરવું. આમ કરવાથી ચોકઠું મોં માં ટેવાઈ જાય છે.

૫) ચોકઠું પહેર્યા પછી ખાવાની શરૂઆત મમરા, પોચા ગાંઠીયા, દાળ-ભાત જેવી વસ્તુઓથી કરવી. ત્યારબાદ ધીમે - ધીમે રોટલી શાક અને એ પછી કઠણ વસ્તુઓ ચાવવા પ્રયત્ન કરવો.

૬) ચોકઠું પહેરીને ખાતી વખતે હંમેશા બંને બાજુથી ખાવાની ટેવ પાડવી. એક જ બાજુથી ખાવામાં આવે તો બીજી બાજુથી ચોકઠું ઊંચુ થઈ જવાની કે નીકળી જવાની શક્યતા રહેલી છે.



૭) કુદરતી દાંતથી જમવામાં જેટલો સમય લાગતો હોય તેના કરતા ઘણો વધુ સમય ચોકઠું પહેરીને જમવામાં લાગતો હોય છે. આ તદ્દન સામાન્ય બાબત છે.

૮) મોઢાનું હાડકું ઓછું કે નબળું હોય તો ચોકઠું વારંવાર નીકળી જવાની શક્યતા હોય છે. આવા કેસમાં ચોકઠામાં પાઉડર-ટ્યુબ લગાવીને પહેરવાથી ચોકઠું ફીટ બેસે છે.

૯) હંમેશા રાતે સૂતી વખતે ચોકઠું કાઢીને પાણી ભરેલી ડબીમાં મૂકી દેવું. જેથી મોઢાની ચામડીને આરામ મળે. જમ્યા પછી ચોકઠું કાઢીને અવશ્ય સાફ કરવું.

૧૦) ચોકઠાને સાફ કરવા રાતે પાણી ભરેલી ડબીમાં ચોકઠું સાફ કરવાનો પાઉડર કે ટેબલેટ નાખીને તેમાં ચોકઠું મૂકી દેવું. તેને સવારે બહાર કાઢી, તેના પર બ્રશ ફેરવી, ધોઈને પહેરી લેવું. ચોકઠાને કયારેય ગરમ પાણીમાં મુકવું નહીં તથા ચોકઠું કયારેય કોરું કે રૂમાલમાં કે ખિસામાં રાખવું નહીં, હંમેશા ડબીમાં tap water નળનું પાણી ભરીને રાખવું.

૧૧) બગાસું, છીંક કે ઉધરસ ખાતા ચોકઠું નીકળી જાય તે તદ્દન સામાન્ય બાબત છે.

૧૨) જૂનું અને નવું - એમ બે ચોકઠા હોય તો બંને એક સાથે ન વાપરવા, આમ કરવાથી એક ચોકઠું ફાવે અને બીજું ન ફાવે - એમ બનતું હોય છે.

## (2) Partial Denture (પાર્શીયલ ચોકઠુ) :

જયારે એક કે તેથી વધુ, પણ બધા નહીં, એવા દાંતનું ચોકઠું બનાવવામાં આવે ત્યારે તેને પાર્શિયલ ડેન્ચર કહેવામાં આવે છે.

પ્રકારો :



### ૧) એક્રેલિકનું પાર્શિયલ ડેન્ચર :

ખાસ પ્રકારના પાઉડર અને પ્રવાહીથી બનેલા એક્રેલિક (પ્લાસ્ટિક)ની ફ્રેમ ઉપર દાંત બેસાડેલા હોય છે.

આ પ્લાસ્ટિક કડક (રીજીડ) પ્રકારનું હોવાથી ચોકઠું ક્યારેક તૂટી જવાની શક્યતાઓ છે.

નોંધ : આ પ્રકારમાં આજુ-બાજુનાં દાંત ઉપર તાર થી ફીટીંગ લેવામાં આવે છે. ઘણાં કેસમાં આ તાર દર્દીને ગાલ કે હોઠમાં વાગતા હોય છે અને ચાંદા પડવાની શક્યતા વધુ રહે છે.



### ૨) ફ્લેક્સિબલ ડેન્ચર :

વિશિષ્ટ પ્રકારના ફલેકિસબલ પ્લાસ્ટિકમાંથી ડેન્ચર બનાવવામાં આવે છે.આ ડેન્ચર તૂટતા નથી તથા તેનું ફીટીંગ ખૂબ જ સરસ હોય છે અને વજનમાં પણ હળવું હોય છે.

નોંધ : આ ચોકઠામાં તાર હોતા નથી જેથી વાગવાની શક્યતા રહેતી નથી.

# Missing Tooth Replacement - Denture

### ૩) કાસ્ટ પાર્શિયલ ડેન્ચર :



કોબાલ્ટ - ક્રોમિયમ મેટલને ઊંચી ગરમી આપી, ઓગાળી તેનું કાસ્ટિંગ કરીને ફ્રેમ બનાવવામાં આવે છે. તેથી કાસ્ટ પાર્શિયલ ડેન્ચર કહે છે તથા તેને Click Fit ડેન્ચર પણ કહે છે. તે મેટલનું હોવાથી તૂટી જતું નથી અને તેનું ફીટીંગ સારું આવે છે તથા વજનમાં પણ હળવું હોય છે.

નોંધ : નવી લેસર ટેકનોલોજી (DMLS) થી બનતું હોવાને લીધે તેનું ફીટીંગ ઘણું સારું હોય છે. અને તેનું આયુષ્ય પણ ઘણું લાંબુ હોય છે.

## 4) Precision Attachment :



અમુક સંજોગોમાં જ્યારે દાઢ ગેરહાજર હોય, implant કે fix bridge થકી fit થઈ શકે તેમ ના હોય અને છુટું ચોકઠું બનાવવાની ઈચ્છા ના હોય તેવા patient માટે આ નવી latest સારવાર છે જેને semifixed prosthesis કહી શકાય.

જે fix જ હોય પણ જો patient ઈચ્છે તો તેને કાઢી પણ શકે છે.

## Night Guard



જે લોકોને ઉંઘમાં અથવા જાગૃત અવસ્થામાં દાંત/દાઢ કચકચવાની આદત હોય તેવા લોકો માટે રબરની પ્લેટમાંથી બનાવેલું night guard પહેરવાથી દાંતનો ઘસારો થતો અટકે છે અને લાંબા સમયે કળતરના problems ઘણા ઓછા થાય છે.

# બાળકોના દાંતની સારવાર



## ૧) દૂધિયા દાંતની કુલ સંખ્યા : ૨૦

ઉંમર : આવવાની : ૬ મહિનાથી ૨.૫ વર્ષ

પડવાની : ૬ વર્ષ થી ૧૩ વર્ષ

## ૨) Eruption & Shedding Chart




## ૩) દૂધિયા દાંતની અગત્યતા :

દૂધિયા દાંત બાળકોના દેખાવ તથા ખોરાક ચાવવાના કામમાં તો આવે જ છે, પણ સાથે સાથે તે કાયમી દાંતને યોગ્ય ઉંમરે યોગ્ય સ્થાને આવવા માટેનું guidance આપે છે. તેથી જ દૂધિયા દાંતને તેની પડવાની યોગ્ય ઉંમર સુધી સારી રીતે સાચવી રાખવા જરૂરી હોય છે.

**નોંધ :** બાળકોના દૂધિયા, દાંતમાં કોઈપણ તકલીફ હોય તો તેને અવગણવી નહીં પરંતુ યોગ્ય સારવાર કરાવી લેવી. આમ કરવાથી તેની નીચે બની રહેલા કાયમી દાંતને નુકસાન થતું અટકે છે.

## ૪) દૂધિયા દાંતના વિવિધ રોગો અને તેની સારવાર :

### એ) દૂધિયા દાંતમાં સડો :

કારણો :

(૧) ચોકલેટ, બિસ્કિટ, કેક, પેસ્ટ્રી જેવા ગળ્યા પદાર્થો વારંવાર ખાવા અને તે દાંતમાં ચોંટવા છતાં સાફ ન થવા.

(૨) બાળકોમાં યોગ્ય રીતે બ્રશ કરીને દાંત સાફ કરવાની બેદરકારી

# બાળકોના દાંતની સારવાર



( 3 ) ઘણી વાર વારસાગત છે, hereditory.



ચિહ્નો / લક્ષણો :

( ૧ ) દાંતમાં કાળો/કથ્થાઈ ડાઘો દેખાવો
( ૨ ) દાંતમાં ખાડો દેખાવો/તેમાં ખોરાક ભરાવો
( ૩ ) ખોરાક ચાવવામાં તકલીફ પડવી
( ૪ ) દાંતમાં દુ:ખાવો થવો

સારવાર :

૧) જો સડો બહુ ઊંડો ન હોય તો : સડો સાફ કરી તેમાં દાંત જેવા રંગનું GC/Composite/Equia Forte Capsule Filling મટીરીયલ ફીલ કરી દાંતને બચાવી લેવામાં આવે છે.

